ધાર્યું તે થવાનું તો શું વ્યર્થ આ પછાડ, તારે શરણે થાઉં ન-ચિંત, એવો દિ' દેખાડ...

| નવા કેસ | |
|---|---|
| રાજ્ય | ૧૩૭૨ |
| અમદાવાદ | ૧૮૫ |
| ગાંધીનગર | ૩૮ |

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૯૫ | ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૦, ગુરુવાર; અ. આસો સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# મુંબઈમાં અનારાધાર ૧૧ ઈંચ વરસાદ

## ભારે વરસાદથી ૨૬ વર્ષનો રેકોર્ડ તૂટ્યો : મુંબઈ શહેર પાણી-પાણી : દાદર, કુર્લા સ્ટેશન પર ભરાયા પાણી : વારસાદના લીધે લોકલ ટ્રેનનો વ્યવહાર ખોરવાયો





મુંબઈ,તા.૨૩

મુંબઈમાં મોડીરાતથી પડી રહેલા ભારે વરસાદના પગલે અનેક વિસ્તારોમાં પાણી ભરાયા હોવાના અહેવાલ મળી રહ્યાં છે. ત્યારે અનેક લોકો રેલવે સ્ટેશન પર પણ ફસાયા છે.

મુંબઈમાં ભારે વરસાદના કારણે અનેક સ્થળોએ પાણી ભરાયાં છે. દાદર, કુર્લા સ્ટેશન, ચેમ્બુરમાં સોસાયટીમાં પાણી ભરાયા છે. ગોરેગાવ, સાયન રેલવે સ્ટેશનમાં પણ પાણી ભરાયું છે. ભારે વરસાદને કારણે સેન્ટ્રલ રેલવેની ૪ લાઈન ઠપ જોવા મળી છે. જો કે હવામાન વિભાગના જણાવ્યાં મુજબ આગામી ૨૪ કલાકમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. મંગળવારે સાંજથી બુધવાર સવાર સુધીમાં ૧૧ ઈંચ વરસાદ નોંધાયો છે એટલે કે ૨૮૬.૪ મીમી વરસાદ થયો છે. ૨૪ કલાકનાં આ મુશળધાર વરસાદને કારણે છેલ્લા ૨૬ વર્ષનો રેકોર્ડ તૂટી ગયો છે.

હવામાન વિભાગનાં જણાવ્યા અનુસાર, આ વરસાદ ૨૬ વર્ષ (૧૯૯૪-૨૨૦૨૦) માં ૨૪ કલાકનો સપ્ટેમ્બરનો બીજો સૌથી મોટો વરસાદ છે. આ સિવાય, ૧૯૭૪ સુધીનો રેકોર્ડ જોઈએ તો સપ્ટેમ્બરમાં ૨૪ કલાકનો ચોથો સૌથી મોટો વરસાદ છે. વળી મંગળવારે સવારે ૮.૩૦ થી બુધવારે સવારે ૮.૩૦ સુધી, સાંતાક્રૂઝ વેધર સેન્ટરમાં ૨૭૩.૬ મીમી, જ્યારે દક્ષિણ મુંબઈનાં કોલાબા સેન્ટરમાં ૧૨૨.૨ મીમી વરસાદ નોંધાયો હતો.

મહારાષ્ટ્રમાં મુંબઈના અનેક વિસ્તારોમાં ભારે વરસાદ ખાબક્યો છે. જેને લઈને નીચાણવાળા વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયેલા જોવા મળ્યાં છે. મંગળવારે મુંબઈના ગોરેગાવ વિસ્તારમાં ભારે વરસાદના કારણે રોડ પર પાણી ફરી વળ્યાં છે. આમ ભારે વરસાદના પગલે રેલવે ટ્રેક પર પાણી ફરી વળતાં લોકલ ટ્રેન અને બસ સેવા પ્રભાવિત થઈ છે.

મુંબઈમાં થયેલ ભારે વરસાદના કારણે સાયન રેલવે સ્ટેશન પર યાત્રીઓ ફસાઈ ગયા, સતત પડી રહેલા અવિરત વરસાદના કારણે પરિસ્થિતિ એવી થઈ ગઈ કે પ્લેટફોર્મ સુધી પાણી આવી ગયેલું જોવા મળ્યું. જેના કારણે લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો છે.

હવામાન વિભાગ દ્વારા મુંબઈમાં વાદળછાયું વાતાવરણ અને ભારે વરસાદ રહેવાની સંભાવના બુધવાર માટે કરી હતી જોકે, મંગળવાર બપોર પછી અહીં વરસાદી માહોલ જામ્યો અને ઘણાં વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા, જેમાં ગોરેગાંવ, કિંગ્સ સર્કલ અને સાયનનો સમાવેશ થાય છે. ભારે વરસાદના કારણે રેલવે સ્ટેશન પર આવેલા ટ્રેક પર પાણી ભરાઈ ગયા છે જેના કારણે રેલવે વ્યવહાર પર અસર પડી રહી છે. તોફાની વરસાદના કારણે સાંજના સમયે પોતાના ઘર તરફ જઈ રહેલા મુસાફરોએ ભારે તકલીફનો સામનો કરવો પડ્યો.

## ટાઈમ મેગેઝીનના ૧૦૦ પ્રભાવશાળી મહાનુભાવોમાં નરેન્દ્ર મોદીનો સમાવેશ

**આ યાદીમાં ટ્રમ્પ, જિનપિંગ, તાઇવાન પ્રમુખ, બાઇડન, મર્કેલ સહિતના નેતાઓ સામેલ : આ યાદીમાં ભારતીયોમાં વડાપ્રધાન સહિત અભિનેતા આયુષ્યમાન ખુરાના, સુંદર પીચાઇ, એચઆઇવી પર રિસર્ચ કરનારા રવિંદર ગુપ્તા અને શાહિનબાગ ધરણાંમાં સામેલ બિલ્કિસનું નામ પણ સામેલ**

ન્યુ દિલ્હી/ન્યૂયોર્ક,તા.૨૩

આંતરરાષ્ટ્રીય મેગેઝીન ટાઇમએ વર્ષ ૨૦૨૦ ના સૌથી પ્રભાવશાળી લોકોની સૂચિ બહાર પાડી છે. આ સૂચિ દર વર્ષે બહાર પાડવામાં આવે છે, જેમાં વિવિધ ક્ષેત્રના લોકો શામેલ છે. ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી ફરી એકવાર વિશ્વના સૌથી અસરકારક નેતાઓની યાદીમાં સામેલ થયા છે.



વિશ્વભરના સો અસરકારક લોકોની સૂચિમાં, ટાઈમે આ વર્ષે લગભગ બે ડઝન નેતાઓના નામ શામેલ કર્યા છે, જેમણે કોઈક રીતે અથવા બીજા રીતે પ્રભાવ પાડ્યો છે. આ સૂચિમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું નામ છે, જેઓ આ યાદીમાં સમાવિષ્ટ એકમાત્ર ભારતીય નેતા છે.

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપરાંત ટાઈમની આ યાદીમાં અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ, ચીનના રાષ્ટ્રપ્રમુખ શી જિનપિંગ, તાઈવાનની રાષ્ટ્રપ્રમુખ ત્સાઈ ઈંગ વેન, કમલા હેરિસ, જો બાઈડન, જર્મન ચાન્સલર એન્જેલા મર્કેલ સહિત દુનિયાભરના અનેક નેતા સામેલ છે. આ યાદીમાં સામેલ ભારતીય લોકોમાં બૉલિવૂડ એક્ટર આયુષ્માન ખુરાના, ગૂગલના સીઈઓ સુંદર પિચાઈ, એચઆઈવી પર રિસર્ચ કરનારા રવિંદર ગુપ્તા અને શાહીન બાગ ધરણામાં સામેલ બિલ્કિસનું નામ પણ સામેલ છે.

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૩૧૮૮૩૬૮૧ | ૯૭૭૨૫૮ | ૨૪૧૧૨૧૦૬ |
| ભારત | ૫૬૭૬૧૫૭ | ૯૦૩૮૫ | ૪૬૧૬૫૬૨ |
| ગુજરાત | ૧૨૭૫૪૧ | ૩૩૭૦ | ૧૦૭૮૦૧ |
| ગાંધીનગર | ૩૩૬૧ | ૧૯૧ | ૨૭૧૫ |

## હાશ કેસ ઘટ્યા : છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૮૩,૫૨૭ પોઝિટિવ કેસ

**દેશમાં કુલ કેસનો આંકડો ૫૬.૪૬ લાખને પાર : ૧ દિવસમાં નોંધાયાઃ ૧૦૮૫ના મોત : : કુલ ૯૦૦૦૦ હજારથી વધુના મોત**

ન્યુ દિલ્હી,તા.૨૩

ભારતમાં કોરોના વાયરસનું સંક્રમણ પૂર ઝડપે ફેલાઈ રહ્યું છે. સમગ્ર વિશ્વમાં કોરોના વાયરસના સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં ભારત દેશ બ્રાઝીલને પાછળ છોડીને બીજા સ્થાન પર પહોંચી ગયો છે.

સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે બુધવારના રોજ છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૮૩,૫૨૭ નવા કેસ નોંધાયા છે. આ સાથે જ સંક્રમિતોની કુલ સંખ્યા ૫૬,૪૬,૦૧૦ સુધી પહોંચી ગઈ છે.

દેશમાં સતત છેલ્લા પાંચ દિવસથી કોરોના વાયરસના સંક્રમણમાંથી સ્વસ્થ થનારા લોકોની સંખ્યા નવા નોંધાતા સંક્રમિતોના કેસો કરતા વધારે નોંધાઈ રહ્યા છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૮૯,૭૪૬ દર્દીઓ કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થઈ ગયા છે. આ સાથે જ આ આંકડો વધીને ૪૫૮૭૬૧૩ સુધી પહોંચી ગયો છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે બુધવાર સવારે દેશભરમાં કોરોના વાયરસના એક્ટિવ કેસનો આંકડો ૯૭૫૮૬૧ સુધી પહોંચ્યો છે.

છેલ્લા ૨૪ કલાક દરમિયાન દેશમાં ૧૦૮૫ લોકોએ કોરોના સંક્રમણને કારણે અંતિમ શ્વાસ ભર્યા છે. આ સાથે જ કોરોના સંક્રમણના કારણે મૃત્યુ પામનાર દર્દીઓનો આંકડો વધીને ૯૦૦૨૦ સુધી પહોંચી ગયો છે. જો કે, એક સારી બાબત એ પણ છે કે ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે.

## લેસર ગાઈડેડ એન્ટી મિસાઈલ ટેન્કનું ભારતમાં સફળ પરીક્ષણ

**ભારતીય સેનામાં વપરાતી અર્જુન ટેન્ક ઉપરથી આ ગાઈડેડ મિસાઈલ લોન્ચ કરાઈ, મિસાઈલ ત્રણ કિમીના અંતર સુધી ટાર્ગેટને નિશાન બનાવી શકે છે**

નવી દિલ્હી, તા. ૨૩

લદ્દાખ સરહદ પર ચીન સાથે ચાલી રહેલા તનાવની વચ્ચે ભારતમાં હથિયારો વિકસિત કરતી સંસ્થા ડીઆરડીઓને એક મહત્વની સફળતા મળી છે. ડીઆરડીઓ દ્વારા બુધવારે લેસર ગાઈડેડ એન્ટી ટેક્ક મિસાઈલનું સફળ પરિક્ષણ કરવામાં આવ્યું છે. મહારાષ્ટ્રના અહેમદનગર ખાતે આવેલી કે કે રેન્જમાં આ પરિક્ષણ કરાયું હતું.

ભારતીય સેનામાં વપરાતી અર્જુન ટેક્ક પરથી આ ગાઈડેડ મિસાઈલ લોન્ચ કરવામાં આવ્યું હતું. સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે આ સફળતા માટે ડીઆરડીઓને અભિનંદન આપ્યાં હતાં. ડીઆરડીઓના કહેવા પ્રમાણે આ મિસાઈલ ત્રણ કિલોમીટરના અંતર સુધી ટાર્ગેટને નિશાન બનાવી શકે છે.તેને એક કરતા વધારે લોન્ચ પ્લેટફોર્મ પરથી

● અનુસંધાન પાન-૭ પર

## રાજ્યસભાનું ચોમાસું સત્ર અનિશ્ચિતકાળ માટે સ્થગિત

ન્યુ દિલ્હી,તા.૨૩

રાજ્યસભાનું ચોમાસું સત્ર અનિશ્ચિતકાળ માટે સ્થગિત કરી દેવામાં આવ્યું છે. ૧૪ સપ્ટેમ્બરથી શરુ થયેલા આ સત્રમાં રાજ્યસભામાંથી અનેક બિલ પાસ કરવામાં આવ્યા છે, જેમા હાલમાં જ લાગુ કેટલાક અધ્યાદેશોની જગ્યા લેવા માટે લાવવામાં આવેલા વિધેયક પણ સામેલ છે. પહેલાથી નક્કી કરેલા સમય અનુસાર ચોમાસું સત્ર ૧ ઓક્ટોબર સુધી ચાલવાનું હતું. પરંતુ રાજ્યસભાને સ્થગિત કરી દેવામાં આવી છે.

## સીરમ ઈન્સ્ટિટ્યૂટે કોરોના વેક્સીનનું ઉત્પાદન શરૂ કર્યું

નવી દિલ્હી, તા.૨૩

સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાએ ભારતમાં કોવિડ-૧૯ વેક્સીન કેન્ડિડેટનું ઉત્પાદન શરૂ કરી દીધું છે. સીરમ ઈન્સ્ટિટ્યૂટ વેક્સીન ઉત્પાદન મામલે દુનિયાની સૌથી મોટી કંપની છે. સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓક્સફર્ડ યુનિવર્સિટીના કોરોના વેક્સીન પ્રોજેક્ટમાં પાર્ટનર છે અને ભારતમાં આ વેક્સીનનું ટ્રાયલ કરાવી રહી છે.

## સુશાંત સિંહ કેસમાં ત્રીજી એજન્સી એનઆઈએ જોડાશે

મુંબઈ,તા.૨૩

બોલિવુડ એક્ટર સુશાંત સિંહ રાજપૂતનો મોત કેસ છેલ્લા ત્રણ મહિનાથી ચર્ચામાં છે. દેશની ત્રણ એજન્સીઓ સીબીઆઈ, ઈડી (પ્રવર્તન નિદેશાલય) અને એનસીબી (નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરો) સુશાંત સિંહ રાજપૂતના મોત કેસની તપાસ કરી રહી છે. હવે વધુ એક કેંદ્રીય એજન્સી આ કેસ સાથે જોડાઈ શકે છે. એનઆઈએ (નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી) હવે સુશાંત કેસમાં જોડાય તેવી શક્યતા છે.


# શ્રધ્ધાંજલી



નાની શી તમારી જીંદગી પણ
મોટી માયા લગાડી ગયા,
અમારી આંખોનું નુર હતા
હવે એ આંખોને તમે રડાવી ગયા,
જે તમારા થકી હસતા હતા,
તે બધાને તમે રડાવી ગયા,
પ્રભુ તમારા દિવ્ય આત્માને
શાંતિ અર્પે એજ પ્રાર્થના....

## મનિષ વિક્રમભાઈ પટેલ

-: કેશવલાલ નારણભાઈ પટેલ પરીવાર :-

અ.નિ.કેશવલાલ નારણભાઈ પટેલ (દાદા)
ગં.સ્વ.નાથીબેન કેશવલાલ પટેલ (દાદી)
વિક્રમભાઈ પટેલ (પિતા)
(ચેરમેન, ગાંધીનગર નાગરિક કો.ઓપ.બેંક)
શારદાબેન વી. પટેલ (માતા)
રમેશકુમાર કે. પટેલ (કાકા)
લીલાબેન રમેશકુમાર પટેલ (કાકી)
વિલાસબેન મનિષભાઈ પટેલ (પત્ની)
પલ મનિષભાઈ પટેલ (દિકરી)
ધવલ રમેશકુમાર પટેલ
ઉર્વી ધવલ પટેલ
કેતુલ વિક્રમભાઈ પટેલ (ભોલો)
પુનમ કેતુલ પટેલ
ઋષભ રમેશકુમાર પટેલ (લાલી)
નીશા ઋષભ પટેલ
ચિરાગકુમાર રમેશભાઈ પટેલ (બનેવી)
રીના ચિરાગકુમાર પટેલ (બહેન)
રીક્ષીતકુમાર કાંતીભાઈ પટેલ (બનેવી)
રીમા રીક્ષીતકુમાર પટેલ (બહેન)
જીયા, ધાર્વી, રુહી, ક્રિશા, રાહી, મીસ્ટી